# સાઉથ રિપબ્લીક

તંત્રી : રોહિત અશોક શેઠિયા

દૈનિક

Volume : 01 · Issue : 9 · Page - 4 · Price : Rs.1/- · Annual Subscription : Rs.300/- · Date : 30 AUGUST 2026, SUNDAY , · Periodicity : DAILY Publication city : NAVSARI

Language : GUJARATI, Publication Place : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT-396445. Email:sethiarohit48@gmail.com

OFFICE : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT- 396445, Mo. +91-7600000600, PRGI No. GJGUJ/26/A7115


# નવસારીમાં મહાનગરપાલિકાએ ૪ આઇકોનિક રોડ બનાવ્યા

# પણ વિજલપોરમાં એક પણ આઇકોનિક રોડ નહીં

## આઇકોનિક રોડ છોડો જે રોડ છે તે રીપેર કરાવે તો પણ વિજલપોરની પ્રજા સંતોષ માનશે




**સાઉથ રિપ્બ્લીક- નવસારી**

નવસારી : નવસારી મહાનગરપાલિકાએ નવસારી વિસ્તારમાં ૪ આઇકોનિક રોડ બનાવ્યા છે. પણ વિજલપોરમાં એક પણ આઇકોનિક રોડ ન બનતા મનપાના વિકાસના કામોમાં વિજલપોર વિસ્તારમાં નકશામાં છે કે નહીં તે બાબતે સવાલો ઉઠાવી રહ્યા છે. સાથે જ મનપાના ઉચ્ચ અધિકારીઓ વિજલપોરની પ્રજા સાથે ભેદભાવ કરી રહ્યા હોવાની ચર્ચા વિજલપોરના સ્થાનિકોમાં ચાલી રહી છે.

નવસારી શહેરમાં આમ તો સમસ્યાની ભરમાર રહે છે. નવસારીમાં પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડવાની સમસ્યા, પીવાનું પાણી દુષિત આવવાની સમસ્યા, ડ્રેનેજ લાઈનની સમસ્યા, ભુવા પડવાની સમસ્યા સહિતની કેટલીક સમસ્યાઓથી પીડાઈ રહ્યું છે. તો બીજી તરફ નવસારીમાં સારા રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટની સુવિધા, રેલવે ઓવરબ્રિજની સુવિધા સહિતની ઘણી સુવિધાઓ આપવામાં આવી છે. જે બાબતે તો નવસારી મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીના વખાણ કરાય તેમ છે. સાથે જ નવસારીના ઘણા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા પણ ઘણી સારી છે. પરંતુ વિજલપોરમાં વિકાસના કામો માત્ર કાગળ ઉપર જ લેવાયા હોય તેમ લાગી રહ્યું છે.

નવસારી શહેરમાં પાલિકા દ્વારા ૪ આઈકોનિક રોડ બનાવવામાં આવ્યા છે. ફુવારાથી સ્ટેશન સુધીનો રોડ, અગ્રવાલ કોલેજ સુધીનો રોડ, છાપરા તરફનો રોડ, જમનાપાર્ક થી ઈટાળવા સુધીનો રસ્તો આઈકોનિક રોડ તરીકે ઓળખાય છે. જોકે આ રોડ પરથી રોજ હજારો વાહનો અવર-જવર કરે છે. પરંતુ મનપા દ્વારા વિજલપોરમાં એક પણ રોડ આઈકોનિક બનાવવામાં આવ્યો નથી. ત્યારે નવસારીમાં ૪ આઈકોનિક રોડ બનાવ્યા અને વિજલપોરમાં એકપણ આઈકોનિક રોડ ન બનતા વિકાસના કામોમાં વિજલપોર નકશામાં છે કે નહીં તેવા સવાલો ઉઠવા પામ્યા છે. તેમજ મનપા દ્વારા વિજલપોરની પ્રજા સાથે ભેદભાવ કરી રહ્યા હોવાની ચર્ચા પણ વિજલપોર વિસ્તારમાં ચાલી રહી છે.

વિજલપોર વિસ્તારની વાત કરીએ તો વિજલપોરમાં આઈકોનિક રોડ તો નથી. પણ જે રોડ છે તે પણ સારા નથી. વિજલપોર વિસ્તારમાં વિઠ્ઠલમંદિરથી શિવાજીચોક થઈ શુશ્રુષા હોસ્પિટલથી એક તરફ સાંઢકુવા અને બીજી તરફ આશાપુરી માતાના મંદિર થઈને નવસારી શહેરમાં જોડાય છે. ત્યારે વિજલપોર વિસ્તારના રહીશો રોજિંદા અવર-જવર માટે શિવાજીચોકથી શુશ્રુષા હોસ્પિટલ સુધીનો રોડ ફરજીયાત ઉપયોગ કરે છે. પરંતુ હાલ શિવાજીચોકથી શુશ્રુષા હોસ્પિટલ સુધીનો બિસમાર રોડ વાહન ચાલકોના કમરના દુખાવા સમાન બન્યો છે. ત્યારે નવસારી મહાનગરપાલિકા વિજલપોરમાં નવો આઈકોનિક રોડ છોડો જે બિસમાર રોડ છે તે જ રીપેર કરાવે તેવી માંગ વિજલપોરના રહીશો કરી રહ્યા છે.

### કમિશ્નર તો નવા છે પણ ડેપ્યુટી કમિશ્નર તો જુના છે

નવસારી : નવસારી મહાનગરપાલિકાના હાલના ડેપ્યુટી કમિશ્નર જે.યુ. વસાવા તત્કાલીન વિજલપોર નગરપાલિકાના ચીફ ઓફિસર પણ રહી ચુક્યા હતા. તે સમયથી ડેપ્યુટી કમિશ્નર વિજલપોર વિસ્તારને તેમજ તે વિસ્તારમાં પડતી સમસ્યાઓને જાણે છે. ત્યારબાદ ફરજના ભાગ રૂપે સરકારે તેમની બદલી કરતા તેમને અન્ય જિલ્લાની નગરપાલિકામાં મુક્યા હતા. જોકે ત્યારબાદ સરકારે વિજલપોર નગરપાલિકા અને આજુબાજુના ૮ ગામોને નગરપાલિકા વિસ્તારમાં સમાવી નવસારી-વિજલપોર નગરપાલિકા બનાવી હતી. ત્યારે પણ તત્કાલીન નવસારી-વિજલપોર નગરપાલિકામાં જે.યુ. વસાવા ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. જેથી જે.યુ. વસાવા નવસારી અને વિજલપોર વિસ્તારને સારી રીતે ઓળખે છે. તેમજ બંને વિસ્તારમાં પડતી સમસ્યાઓથી તેઓ અવગત છે. હાલમાં આવેલા મહાનગરપાલિકાના કમિશ્નર તો નવા છે. જેથી તેમને મનપા વિસ્તારમાં પડતી સમસ્યાઓ અને મુશ્કેલી અંગે વધુ ધ્યાન ન હોય તેવું બની શકે છે. જોકે ડેપ્યુટી કમિશ્નર જે.યુ. વસાવા માટે નવસારી અને વિજલપોર ઘર જેવું છે. ત્યારે ડેપ્યુટી જે.યુ. વસાવા બાઈક પર બેસી રસ્તા પરથી પસાર થાય તો ખબર પડે કે કમરનો દુ:ખાવો કેવો થાય ?

## મનપાના ઉચ્ચ અધિકારીઓ વિજલપોરની પ્રજા સાથે ભેદભાવ કરી રહ્યા હોવાની વિજલપોરમાં ચર્ચા

# જલાલપોર તાલુકા પંચાયતની લિફ્ટ બંધ રહેતા અરજદારો સહીત કર્મચારીઓને મુશ્કેલી

## પૂરના પાણી લિફ્ટના નીચેના ભાગમાં ભરાઈ જતા લિફ્ટ બંધ કરી હતી




નવસારી જલાલપોર તાલુકા પંચાયત કચેરીમાં પૂરના પાણી લિફ્ટના નીચેના ભાગમાં ભરાઈ જતા લિફ્ટ બંધ કરી દીધી હતી. પરંતુ આ લિફ્ટ હજી સુધી ચાલુ ન થતા કચેરીમાં આવતા અરજદારો તેમજ કર્મચારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

પહેલા જલાલપોર તાલુકા પંચાયતની કચેરી નવસારી જિલ્લા પંચાયત બિલ્ડિંગના ચોથે માળે હતી. જોકે ત્યારબાદ દશેરા ટેકરીમાં આવેલા પશુ દવાખાના પાછળ નવી જલાલપોર તાલુકા પંચાયત કચેરી બનાવવામાં આવી છે. જ્યાં કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને કામ અર્થે આવતા અરજદારોની સુવિધા માટે લિફ્ટ સહિતની સુવિધા કરવામાં આવી છે. જોકે તે વિસ્તાર પાસેથી એક ખાડી પણ પસાર થાય છે. એક મહિના અગાઉ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે નવસારીના નીચાણવાળા વિસ્તારોમાં તો પાણી ભરાયા હતા. સાથે જ દશેરા ટેકરી પાછળ સી.આર. પાટીલ સંકુલમાંથી પસાર થતી ખાડી પણ ઉભરાતા આજુબાજુના વિસ્તારોમાં પૂરના પાણી ભરાયા હતા.

નવસારીમાં પડેલા ભારે વરસાદ અને પૂરને પગલે જલાલપોર તાલુકા પંચાયત કચેરીમાં આવેલા લિફ્ટના નીચેના ભાગમાં પાણી ભરાયા હતા. જેના પગલે લિફ્ટ બંધ થઇ હતી. તે સમયે લિફ્ટના નીચેના ભાગમાં ભરાયેલા પાણીને લીધે લિફ્ટનું સમારકામ કરાયું ન હતું. પરંતુ મહિનો વીતી ગયો છતાં પણ હજી સુધી જલાલપોર તાલુકા પંચાયતની લિફ્ટ શરૂ કરવામાં આવી હતી. જેના પગલે તાલુકા પંચાયતમાં ફરજ બજાવવા આવતા કર્મચારીઓ તો ખરા જ સાથે કામ અર્થે અરજદારોને ભારે મુશ્કેલી સહન કરવી પડે છે. જેમાં દિવ્યાંગ, વૃદ્ધ, મહિલાઓ અને શારીરિક રીતે અશક્ત અરજદારોને કચેરીના દાદર ચઢવા માટે મજબુર બન્યા છે.

# નવસારીના કાગદીવાડમાં ખાડામાં ભરાયેલું ગંદુ -દુષિત પાણી રસ્તા પર આવતા દુર્ગંધ અને મચ્છરોના ઉપદ્રવથી સ્થાનિકો પરેશાન



થોડા દિવસો અગાઉ પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડતા રીપેરીંગ કરવા ખોદકામ કર્યું હતું



નવસારી : નવસારીના કાગદીવાડમાં પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડતા મનપાએ ખોદકામ કરી રીપેરીંગ કામ કર્યું હતું. પરંતુ રીપેરીંગ કામ પૂર્ણ થયા બાદ ખાડો ન પૂરતા તેમાં પાણી ભરાયું હતું. જે પાણી ગંદુ-દુષિત થતા મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે તેમજ તે પાણી રસ્તા પર આવતા દુર્ગન્ધથી સ્થાનિકો પરેશાન થયા છે.


થોડા દિવસો અગાઉ નવસારી કાગદીવાડ પાસેથી પસાર થતી પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડયું હતું. જેથી નવસારી મહાનગરપાલિકાના કર્મચારીઓએ પીવાના પાણીની લાઈન રીપેર કરવા માટે ખાડો ખોદ્યો હતો. જોકે પીવાના પાણીની લાઈન રીપેર કરી દીધી હતી. પરંતુ મનપાના કર્મચારીઓ ખોડેલો ખાડો પૂરવાની ભૂલી ગઈ હોય તેમ હજી સુધી ખુલ્લો જ રાખી મુક્યો છે. જેથી આ ખાડામાં પાણી ભરાયું છે.

ઘણા દિવસો વીતી ગયા છતાં પાલિકાએ ખાડો ન પૂરતા ખાડામાં ભરાયેલું પાણી ગંદુ-દુષિત થઇ ચૂક્યું છે. જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ થતા સ્થાનિકો પરેશાની વેઠી રહ્યા છે. બીજી તરફ ખાડામાંથી ગંદુ-દુષિત પાણી બહાર રસ્તા પર આવી રહ્યું છે. જેથી પાણીના દુર્ગન્ધથી સ્થાનિકો સહીત રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકો પણ હેરાન થઇ રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે, આ ગંદુ-દુષિત પાણી ભરાયું છે તે જગ્યાની સામેની બાજુએ મનપાની શહેરી મેલેરિયા વિભાગની કચેરી આવી છે. તેમજ જ પાછળની બાજુએ વોટર વર્ક્સનો પ્લાન્ટ આવ્યો છે. ત્યારે રોજ અવર-જવર કરતા મનપાના કર્મચારીને આ સમસ્યા ન દેખાતી હોય તેવું બની ન શકે. છતાં પણ મનપા દ્વારા ખાડો પૂરવાની કામગીરી કરવામાં આવી નથી.




ગટર પરનો સ્લેબ તૂટી ગયેલો

# નવસારી પ્રજાપતિ વાડીની પાછળ ગટરનો સ્લેબ તૂટી પડતા સ્થાનિકોને ગટરમાં પડવાની ભીતિ



ગટર પરનો સ્લેબ તૂટવાની તૈયારી

નવસારી : નવસારીમાં પ્રજાપતિ વાડીની પાછળ અને મહિલા કોલેજના પાછળના ભાગે કેટલાક ઘરો આવ્યા છે. જે ઘરો પાસેથી બોક્ષ ગટર પસાર થાય છે. જેથી તે ઘરોના રહીશો બોક્ષ ગટર પરથી અવર-જવર કરે છે. પરંતુ ત્રણેક મહિના અગાઉ એક જગ્યાએથી ગટર પરનો સ્લેબ તૂટી ગયો હતો. જે બાબતે નવસારી મહાનગરપાલિકાને જાણ કરવામાં આવી હતી. જોકે કોઈ સ્થાનિક ગટરમાં ન પડે તે માટે પાલિકા દ્વારા બેરીકેટ લગાવવામાં આવ્યા છે. પરંતુ ત્રણ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં મનપા દ્વારા સ્લેબની કામગીરી કરવામાં આવી નથી. ત્યારે સ્થાનિકો જીવન જોખમે પસાર થઇ રહ્યા છે.

હજી તો એક જગ્યાએ તૂટેલા સ્લેબનું કામ કરાયું નથી ત્યાં તો ગટર ઉપર બીજી જગ્યાએ સ્લેબ તૂટવાની તૈયારી છે. જો કોઈ સ્થાનિક તે જગ્યાએથી પસાર થાય અને ત્યારે જો સ્લેબ તૂટે તો તેના જીવને જોખમ રહ્યું છે. ત્યારે નવસારી મનપાના અધિકારીઓ પ્રજાપતિ વાડી પાછળના વિસ્તારની મુલાકાત લઈ તાત્કાલિક રીપેરીંગ કામ કરાવે તે જરૂરી છે.

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# કાવડેજમાં અજાણ્યા વાહનની ટક્કરે ૩૦ વર્ષીય યુવકનું મોત




વાંસદા : વાંસદા તાલુકાના કાવડેજ ગામે શુક્રવારે મોડી રાત્રે વાંસદા-ધરમપુર નેશનલ હાઈવે નં. ૫૬ પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. બીરારી ફળિયા ત્રણ રસ્તા નજીક અજાણ્યા વાહનચાલકે મોટરસાઈકલને ટક્કર મારતા ૩૦ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ કાવડેજ ગામના ઠાકોરભાઈ વાસુભાઈ બીરારી (ઉં.વ. ૩૦) ૨૮ ઓગસ્ટની રાત્રે આશરે ૯ વાગ્યે શ્રદ્ધા મંદિર ખાતે ભજન કાર્યક્રમ પૂર્ણ કરી પોતાની હીરો HF ડીલક્સ મોટરસાઈકલ (GJ-21-BD-7852) પર ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન રાત્રે આશરે ૯-૧૫ વાગ્યે શ્રદ્ધા મંદિર નજીક બીરારી ફળિયા ત્રણ રસ્તા પાસે અજાણ્યા વાહનચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી તેમની બાઈકને આગળના ભાગે જોરદાર ટક્કર મારી હતી.

અકસ્મતમાં ઠાકોરભાઈ રોડની દક્ષિણ બાજુએ ફંગોળાઈ ગયા હતા અને તેમને મોઢા, માથાના પાછળના ભાગે તેમજ જમણા પગના નળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતનો અવાજ સાંભળીને તેમના કાકા પરભુભાઈ ચીમનભાઈ બીરારી સહિત ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત ઠાકોરભાઈને તાત્કાલિક ખાનગી વાહન મારફતે વાંસદાની શ્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બાદમાં મૃતદેહને વાંસદા કોટેજ હોસ્પિટલના પી.એમ. રૂમમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે મૃતકના કાકા પરભુભાઈ બીરારીએ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એમ.વી. એક્ટની સંબંધિત કલમો હેઠળ અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ ભ્લ્ત એન.બી. આહીરને સોંપી છે. પોલીસે અકસ્માત

# વલસાડમાં CCTVની મદદથી ચોરીનો ભેદ ઉકેલાયો, બે આરોપી ઝડપાયા

## દિલિપ ડેરીનું શટર ઊંચું કરી રોકડ ચોરનાર બે શખ્સોને સ્ટેડિયમ રોડ પરથી પોલીસે ઝડપી પાડ્યા




વલસાડ : વલસાડ શહેરના નાની ખત્રીવાડ વિસ્તારમાં આવેલી દિલિપ ડેરીમાં મોડી રાત્રે ચોરીની ઘટના બનતા ચકચાર મચી હતી. જોકે, ડેરી માલિકની સમયસૂચકતા અને વલસાડ સિટી પોલીસની તાત્કાલિક કામગીરીના કારણે ચોરીના આરોપીઓને ગણતરીની મિનિટોમાં ઝડપી પાડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, રેમન્ડ શો રૂમ સામે આવેલી દિલિપ ડેરીના માલિક પ્રણવભાઈ ચૌહાણ રાત્રે દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. દરમિયાન રાત્રે આશરે ૧૨-૫૦થી ૧-૧૦ વાગ્યાની વચ્ચે ડેરીના ઉપરના માળે રહેતા કર્મચારીને દુકાનની અંદરથી અવાજ સંભળાયો હતો. જેથી તેણે તાત્કાલિક માલિકને ફોન કરીને જાણ કરી હતી.

પ્રણવભાઈએ પોતાના મોબાઈલમાં દુકાનના CCTV કેમેરાનું લાઈવ ફૂટેજ તપાસ્યું હતું. ફૂટેજમાં માથા પર પાઘડી પહેરેલો એક શખ્સ શટર ઊંચું કરીને દુકાનમાં પ્રવેશતો અને ગલ્લામાંથી રોકડ રકમ ચોરતો નજરે પડ્યો હતો. વેપારીએ વિલંબ કર્યા વગર ઈમરજન્સી નંબર ૧૧૨ પર પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં વલસાડ સિટી પોલીસની બે PCR વાન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. CCTVમાં દેખાયેલા આરોપીના પહેરવેશ અને હુલિયાની માહિતીના આધારે પોલીસે આસપાસના વિસ્તારમાં નાકાબંધી કરી હતી. દરમિયાન આઝાદ ચોકીથી સ્ટેડિયમ રોડ તરફ બેગ સાથે શંકાસ્પદ રીતે ભાગી રહેલા બે શખ્સોને પોલીસે ઘેરીને ઝડપી પાડ્યા હતા.

પોલીસ તપાસમાં બંને આરોપીઓ મહારાષ્ટ્રના ઉલ્લાસનગરના હોવાનું સામે આવ્યું હતું. તેમની ઓળખ અજય અમર સિંહ લબાના (૨૦) અને ઋષિ સોનુ સિંગ (૨૫) તરીકે થઈ છે.

પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૨,૩૮૦ રોકડા, iPhone ૧૩ અને Poco સહિત બે મોબાઈલ ફોન તથા શટર ઊંચું કરવા માટેનું સાધન મળી કુલ રૂ. ૧૭,૩૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

DySP જિતેન્દ્ર કે. પટેલના જણાવ્યા મુજબ, BNSની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપીઓ અન્ય ચોરીઓમાં સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

# મહિલાઓના નગ્ન ફોટા વાયરલ કરી બ્લેકમેલિંગ કરનાર આરોપીની જામીન અરજી નામંજૂર

વલસાડ : વાપીની સ્પેશિયલ POCSO કોર્ટે Instagram પર ફેક આઈડી બનાવી મહિલાઓ અને સગીરાઓના ફોટાનો દુરુપયોગ કરી બ્લેકમેલિંગ કરવાના કેસમાં આરોપી હર્ષદ બાવીસીયાની નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ આરોપીએ Instagram મારફતે મહિલાઓ સાથે મિત્રતા કેળવી તેમના તેમજ તેમની સગીર પુત્રીઓના ફોટા મેળવ્યા હતા. ત્યારબાદ નકલી Instagram આઈડી બનાવી અજાણી મહિલાઓના નગ્ન ફોટામાં ભોગ બનનાર મહિલાઓ અને સગીરાઓના ચહેરા એડિટ કરીને સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી હતી.

આરોપીએ વિવિધ QR કોડ અને સ્કેનર મારફતે બ્લેકમેલિંગ કરી અલગ-અલગ તબક્કે કુલ રૂા. ૨.૮૧ લાખની રકમ પડાવી લીધી હોવાનો આરોપ છે. આ ઉપરાંત, કેટલાક વાંધાજનક ફોટા WhatsApp અને Instagram પર વાયરલ કર્યા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.

આ મામલે પારડી પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ પોલીસે આરોપી હર્ષદ બાવીસીયાની ધરપકડ કરી હતી. તપાસ પૂર્ણ થયા બાદ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS), IT એક્ટ અને POCSO એક્ટની સંબંધિત કલમો હેઠળ ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી.

જેલમાં રહેલા આરોપીએ નિયમિત જામીન મેળવવા માટે વાપીની સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. સુનાવણી દરમિયાન સરકારી પક્ષે દલીલ કરી હતી કે આરોપી સામે સાયબર ક્રાઈમ ઉપરાંત સગીરાના શારીરિક અને માનસિક શોષણ જેવા ગંભીર આક્ષેપો છે. આરોપીને જામીન આપવામાં આવે તો તે સાક્ષીઓને પ્રભાવિત કરી શકે અથવા પુરાવા સાથે ચેડાં કરી શકે તેવી શક્યતા હોવાનું પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

સરકારી પક્ષની દલીલો તથા પારડી પોલીસ સ્ટેશનના PSI દ્વારા રજૂ કરાયેલા સોગંદનામાને ધ્યાનમાં લીધા બાદ વાપીની સ્પેશિયલ ભ્બ્લ્લ્બ કોર્ટના જજ ડૉ. એચ. એન. વકીએ આરોપી હર્ષદ બાવીસીયાની નિયમિત જામીન અરજી ફગાવી દીધી હતી.

કોર્ટના આ નિર્ણયથી સોશિયલ મીડિયા પર મહિલાઓ અને સગીરાઓના ફોટાનો દુરુપયોગ કરી બ્લેકમેલિંગ કરતા તત્વો સામે કાયદાની કડક કાર્યવાહીનો સંદેશ ગયો છે.

# ભિલાડ પ્રોહિબીશન ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને LCBએ ઝડપી પાડ્યો



વલસાડ : વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા ભિલાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબીશનના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. પોલીસ દ્વારા મળેલી બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ભિલાડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા પ્રોહિબીશનના ગુનામાં દિપક દિવાલભાઈ વરઠા નામનો આરોપી લાંબા સમયથી પોલીસથી બચવા માટે નાસતો ફરતો હતો. આરોપીને ઝડપી પાડવા માટે વલસાડ LCBની ટીમ દ્વારા બાતમીદારોને સક્રિય કરવામાં આવ્યા હતા અને આરોપીની હિલચાલ અંગે માહિતી મેળવવામાં આવી રહી હતી.

દરમિયાન LCBને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી દિપક દિવાલભાઈ વરઠાને ઝડપી પાડ્યો હતો. પોલીસની કાર્યવાહીથી પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ આરોપીને પકડવામાં સફળતા મળી છે.

ઝડપાયેલા આરોપીની જરૂરી પૂછપરછ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવ્યા બાદ તેને આગળની કાર્યવાહી માટે ભિલાડ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. વોન્ટેડ આરોપીની ધરપકડથી પ્રોહિબીશનના ગુનાની તપાસમાં પણ પોલીસને મહત્વપૂર્ણ મદદ મળી શકે છે. LCBની આ કામગીરીને પગલે ફરાર આરોપીઓ સામે પોલીસની કાર્યવાહી વધુ તેજ બનવાની શક્યતા છે.

# વઘઇની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે હોકીના જાદુગર મેજર ધ્યાનચંદજીની સ્મૃતિમાં રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરાઈ




ડાંગ : સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ વઘઈ ખાતે હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદજીની જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય રમત દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સુરત મહેસૂલ વિભાગના સ્ટેમ્પ ડેપ્યુટી અંકિતભાઈએ વિદ્યાર્થીઓને પોતાના જીવન સંઘર્ષના ઉદાહરણો આપી શિક્ષણની સાથે સર્વાંગી વિકાસ માટે પ્રેરિત કર્યા હતા. કૉલેજના આચાર્ય ડૉ. જે.એમ. ભોયાએ મેજર ધ્યાનચંદજીની સિદ્ધિઓ યાદ કરી પરંપરાગત રમતોના જતન અને શારીરિક-માનસિક સ્વાસ્થ્ય માટે રમતગમતની અનિવાર્યતા સમજાવી હતી.

આ પ્રસંગે ડૉ. વિજયભાઈએ મહેનતને મિત્ર બનાવોનો સંદેશ આપ્યો હતો અને પ્રા. રાકેશભાઈ નાયકાએ રમતો દ્વારા આત્મવિશ્વાસ તથા એકાગ્રતા કેળવવા માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થિની કુંવર સેજલે હોકી રમતના મહત્વ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમના અંતે ઉપસ્થિત ૪૫ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ રમતગમત, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યારબાદ યોજાયેલી વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પી.ટી.આઈ. ભુપેન્દ્રભાઈ તથા સંચાલન ડૉ. વિજયભાઈએ કર્યું હતું.

# ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાકૃતિક કૃષિની તાલીમો યોજાઇ

## આત્મા પ્રોજેક્ટ હેઠળ માળગા ક્લસ્ટરમાં સમાવિષ્ટ ખાંબલા, માળગા અને મોહપાડા ગામના ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઇ




ડાંગ : ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વધુને વધુ પ્રેરિત કરવા તેમજ ટકાઉ અને પર્યાવરણમૈત્રી ખેતી પદ્ધતિઓનો વ્યાપ વધારવાના હેતુથી આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ દ્વારા ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના માળગા ક્લસ્ટરમાં સમાવિષ્ટ ખાંબલા, માળગા અને મોહપાડા ગામના ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીના લાભો, ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવાના ઉપાયો, જમીનની ફળદ્રુપતા જાળવવાના ઉપાયો તથા રાસાયણિક ખાતર અને જંતુનાશકોના વિકલ્પ તરીકે અપનાવી શકાય તેવી પ્રાકૃતિક પદ્ધતિઓ અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક ખેતીના પાંચ આયોમો જીવામૃત, ઘવજીવામૃત વિશેની સમજણ આપવામાં આવી હતી. આ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે, ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ઘટે અને તેમની આવકમાં વધારો થાય તે હેતુથી આત્મા પ્રોજેક્ટ દ્વારા આવી વિવિધ પ્રેરણાત્મક અને તાલીમલક્ષી પ્રવૃત્તિઓ સતત હાથ ધરવામાં આવી રહી છે.

# બાળકની જેમ ઉછેરેલો ગલકાનો પાક રાતોરાત નષ્ટ, ખેડૂતને રૂ.૧.૭૫ લાખનું નુકસાન



## માંકણામાં પાક પર અસામાજિક તત્ત્વોનો કહેર, ૧,૩૦૦ ગલકાના વેલા કાપી નખાયા

તાજેતરમાં ભારે વરસાદ અને તોફાની પવનની કુદરતી આફતમાંથી માંડ બેઠા થઈ રહેલા ખેડૂતો પર હવે માનવસર્જિત આફત ત્રાટકી છે. કામરેજ તાલુકાના માંકણા ગામમાં અસામાજિક તત્ત્વોએ ખેડૂતના તૈયાર ગલકાના પાકને નુકસાન પહોંચાડતાં ચકચાર મચી છે.

માંકણા ગામના પટેલ ફળિયામાં રહેતા અમીત હસમુખભાઈ પટેલે મોરથાણા રોડ પર આવેલી પોતાની દોઢ વીઘા જમીનમાં ભારે મહેનત અને ખર્ચ કરીને ગલકાનો માંડવો તૈયાર કર્યો હતો. ગુરુવારે સવારે ગલકાનો બીજો વારો ઉતારવા માટે તેઓ ખેતરે પહોંચ્યા ત્યારે આશરે ૧,૩૦૦ જેટલા ગલકાના વેલા અજાણ્યા શખ્સોએ થડમાંથી કાપી નાખ્યા હોવાનું સામે આવ્યું હતું. આખો તૈયાર પાક મુરઝાયેલી હાલતમાં જોઈ ખેડૂત આઘાતમાં સરી પડ્યા હતા.

આ ઘટનાને કારણે ખેડૂતને અંદાજે રૂ.૧.૭૫ લાખનું સીધું આર્થિક નુકસાન થયું છે. ગલકાની ખેતી માટે બિયારણ, ખાતર, દવા ઉપરાંત માંડવા માટે વાંસ-તાર અને મજૂરી પાછળ પણ મોટો ખર્ચ કરવામાં આવ્યો હતો. માંડ એક વારો ઉતાર્યા બાદ જ આખો પાક નષ્ટ કરી દેવાતા ખેડૂતની મહેનત અને મૂડી બંને પાણીમાં ગયા છે.

શાકભાજી જેવા રોકડિયા પાકમાંથી ખેડૂતોને રોજિંદી આવક મળતી હોય છે. આ આવકથી ઘરખર્ચ તેમજ આગામી ખેતીનું આયોજન કરવામાં આવે છે. તૈયાર પાક રાતોરાત નષ્ટ થતાં અમીત પટેલનું આવકનું સાધન પણ છીનવાઈ ગયું છે.

પંથકમાં અગાઉ પણ શેરડી અને શાકભાજીના ઊભા પાકને સળગાવવા અથવા કાપી નાખી નુકસાન પહોંચાડવાના બનાવો બન્યા હોવાની ચર્ચા છે. આવા બનાવોને પગલે ખેડૂતોમાં અસામાજિક તત્ત્વો સામે ભારે રોષ સાથે અસુરક્ષાની લાગણી જોવા મળી રહી છે. ખેડૂતોએ આવા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરી ખેડૂતોના પાક અને સંપત્તિનું રક્ષણ સુનિ?િત કરવાની માંગ કરી છે.

# ખેલ મહાકુંભ-૨૦૨૬ રજિસ્ટ્રેશન શરૂ કરાયું

નવસારી : સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. જેમાં શાળા, ગ્રામ્ય, તાલુકા-ઝોનકક્ષા, જિલ્લા-મહાનગરપાલિકાકક્ષા, ઝોનકક્ષા (ટીમ રમત) અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવનાર છે. ખેલ મહાકભ-૨૦૨૬ અંતર્ગત શાળાકક્ષાએ અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ની વયજુથમાં ખેલ મહાકુંભની એથ્લેટીકસની રમતમાં તમામ શાળાઓએ ફરજીયાત ભાગ લેવાનો રહેશે. રજીસ્ટ્રેશન માટે ખેલ મહાકુભ-૨૦૨૬નું ઓનલાઈન રજિસ્ટ્રેશન આજે ૨૯ ઑગષ્ટથી શરૂ કરવામાં આવનાર છે. ખેલ મહાકુભ-૨૦૨૬ના રજિસ્ટ્રેશનની છેલ્લી આગામી ૨૨મી સપ્ટેમ્બર સાંજે ૬ સુધીની રહેશે. આ ખેલ મહાકુંભ-૨૦૨૬માં ભાગ લેવા માટે નિયત વયજૂથના તમામ ખેલાડીઓ દ્વારા ફરજીયાત બ્સ્ટ્ https://khelmahakumbh.gujarat.gov.in પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. પ્રત્યેક ખેલાડી પોતાની વયજુથમાં લાગુ પડતા કોઈપણ એક વયજુથમાં મહત્તમ બે રમતમાં જ ભાગ લઇ શકશે. કોઈપણ ખેલાડી બે રમત કરતાં વધુ રમતમાં ભાગ લઇ શકશે નહી.

## વાચકો જોગ

**સાઉથ રિપબ્લીક**
**દૈનિક-નવસારી**

**આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓના સમાચારો, પ્રશ્નો, સામાજિક નોંધ તેમજ શાળા- કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓના સમાચારો અમને ફોટોગ્રાફ સાથે લખીને મોકલો.**

૧૦૨ રાજ રેસિડન્સી, અવધૂત આઈ હોસ્પીટલ પાસે, આશાનગર, નવસારી.
મો.:- 7600000600
EMAIL:- sethiarohit48@gmail.com

## ખાસ નોંધ

**સાઉથ રિપબ્લીક દૈનિક અખબારમાં છપાતા તમામ લેખ, સમાચારને લગતા વાદ-વિવાદ તકરાર, કાનૂની પ્રક્રિયા નવસારી કોર્ટને આધીન**

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નવસારી પ્રવાસને લઈને કેન્દ્રીય જળશકિતમંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ



નવસારી : આગામી ૮ સપ્ટેમ્બર ૨૦૨૬, મંગળવારના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નવસારી જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન બપોરે ૨-૦૦ વાગે ગ્રીડ હાઈવે ખાતે નવનિર્મિત 'કમલમ' કાર્યાલયનું ભવ્ય લોકાર્પણ કરશે.

આ પ્રવાસની આયોજનબદ્ધ તૈયારીઓ અંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટર અને પોલીસ પ્રશાસન સાથે સુરક્ષા વ્યવસ્થા, હાઈવેની સ્વચ્છતા, સભા ડોમ, પાર્કિંગ અને કાર્યક્રમ નિર્માણ અંગે ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન 'સ્વચ્છતા હી સેવા' અને 'જળ સંચય' ને લગતા જનકલ્યાણકારી કાર્યક્રમો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. કેન્દ્રીયમંત્રી સી.આર. પાટીલે વડાપ્રધાનશ્રીના ભવ્ય સ્વાગત સહિત સમગ્ર લોકાર્પણ કાર્યક્રમ સહિત સુચારુ રીતે સંપન્ન થાય તે માટે જરૂરી સુચનાઓ આપી હતી.

આ બેઠકમાં નાણાં મંત્રી અને પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ તથા ખાદી -ગ્રામોદ્યોગ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ તથા સંગીતાબેન પાટીલ, સંગઠન પ્રમુખ ભુરાભાઈ તેમજ જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, પોલીસ અધિક્ષક રાહુલ પટેલ તેમજ અન્ય ઉચ્ચ કક્ષાના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કછોલીથી બીલીમોરા સુધી કાવડિયાઓનો ભક્તિમય પ્રવાસ



બીલીમોરા : બીલીમોરામાં ઉત્તર ભારતીય સમાજની આગેવાની હેઠળ છેલ્લા એક દાયકાથી યોજાતી કાવડ યાત્રા આ વર્ષે પણ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે યોજાઈ હતી. શ્રાવણી પૂનમ નિમિત્તે શુક્રવારે શિવનાથ ગ્રુપના ૨૦૦થી વધુ યુવાનો ભગવા વસ્ત્રો ધારણ કરી ખુલ્લા પગે કાવડ યાત્રાએ નીકળ્યા હતા.

કાવડિયાઓએ વહેલી સવારે ગણદેવી તાલુકાના કછોલી ગામે આવેલા ગંગેશ્વર મહાદેવ મંદિરના દર્શન કર્યા બાદ મંદિર નજીકથી વહેતી પવિત્ર અંબિકા નદીનું જળ કાવડમાં ભર્યું હતું. ત્યારબાદ કાવડિયાઓએ આશરે ૧૫ કિલોમીટરનું અંતર પગપાળા કાપીને બીલીમોરા સ્થિત સોમનાથ મહાદેવ મંદિર સુધી યાત્રા પૂર્ણ કરી હતી.

સમગ્ર યાત્રા દરમિયાન કાવડિયાઓ દ્વારા 'બમ બમ ભોલે'ના જયઘોષ સાથે વાતાવરણ શિવમય બન્યું હતું. માર્ગમાં વિવિધ સ્થળોએ શિવભક્ત કાવડિયાઓનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

બીલીમોરાના સદીઓ જૂના સ્વયંભૂ શિવલિંગ ધરાવતા સોમનાથ મહાદેવ મંદિરે પહોંચ્યા બાદ કાવડિયાઓએ પવિત્ર અંબિકા નદીના જળથી મહાદેવનો જળાભિષેક કરી આશીર્વાદ મેળવ્યા હતા.

છેલ્લા દાયકાથી શિવનાથ ગ્રુપ દ્વારા નિયમિત રીતે યોજાતી આ કાવડ યાત્રા હવે બીલીમોરા પંથકમાં શ્રદ્ધા અને ભક્તિનું મહત્વનું કેન્દ્ર બની રહી છે.

# સરાવની મોન્સૂન ક્રિકેટ ટુર્નામેન્ટમાં અવીરા XI સચીનનો દબદબો, ચેમ્પિયન બની

## સરાવની મોન્સૂન ગ્રામીણ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૫ ટીમો વચ્ચે જંગ




નવસારી : સરાવ ખાતે સ્નેહબંધુ મિત્ર મંડળ દ્વારા આયોજિત મોન્સૂન ગ્રામીણ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અવીરા XI સચીને શાનદાર પ્રદર્શન કરી ચેમ્પિયનશિપ પોતાના નામે કરી હતી. ટુર્નામેન્ટમાં કુલ ૧૫ ટીમોએ ભાગ લીધો હતો. વિવિધ ટીમો વચ્ચે રમાયેલી મેચો નિહાળવા મોટી સંખ્યામાં ક્રિકેટ-પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટુર્નામેન્ટની ફાઈનલ મેચ અવીરા XI સચીન અને વોર્ડ નંબર-૧૨ નવસારી વચ્ચે રમાઈ હતી. બંને ટીમો વચ્ચે રોમાંચક મુકાબલો જોવા મળ્યો હતો. અંતે અવીરા XI સચીને શાનદાર રમતનું પ્રદર્શન કરી વિજય મેળવ્યો અને ચેમ્પિયનનો ખિતાબ હાંસલ કર્યો હતો.

ટુર્નામેન્ટમાં વ્યક્તિગત પ્રદર્શન બદલ અવીરા XI સચીનના ખેલાડી ભાવુને 'બેસ્ટ બેટ્સમેન'નો ખિતાબ આપવામાં આવ્યો હતો. જ્યારે સચીન ટીમ તરફથી રમનાર અને મરોલીના રહેવાસી લાલુને 'બેસ્ટ બોલર'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ચેમ્પિયન બનેલી અવીરા XI સચીન ટીમને ટ્રોફી સાથે રૂ. ૯,૦૦૦નું રોકડ ઈનામ સ્નેહબંધુ મિત્ર મંડળના સભ્યોના હસ્તે આપવામાં આવ્યું હતું. ફાઈનલમાં રનર્સ-અપ રહેલી વોર્ડ નંબર-૧૨ નવસારીની ટીમને ટ્રોફી સાથે રૂ. ૬,૦૦૦નું રોકડ ઈનામ કાંતિભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટની ટ્રોફીના સ્પોન્સર તરીકે સુરત જિલ્લાના આભવા ગામના પ્રકાશભાઈ છીમકાભાઈ પટેલે સહયોગ આપ્યો હતો. જ્યારે ક્રિકેટ બોલના સ્પોન્સર તરીકે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના આટ ગામના તરુણભાઈ પટેલે સહયોગ આપ્યો હતો.

સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન દક્ષિણ ગુજરાતના જાણીતા કોમેન્ટેટર અઝીઝ બોડીયાતે પોતાની કોમેન્ટ્રીથી દર્શકોમાં ઉત્સાહ વધાર્યો હતો. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે આયોજકો, સ્પોન્સર્સ, ખેલાડીઓ, કોમેન્ટેટર સહિત તમામ સહયોગીઓનો મહત્વનો ફાળો રહ્યો હતો.

# બુટલાવ ગ્રામ પંચાયતમાં વહેલી સવારે પહોંચ્યા નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની

## ભૂમિ સીમાંકન સંબંધિત પ્રશ્નોના સમયબદ્ધ નિકાલ માટે સંબંધિત અધિકારીઓને સ્થળ તપાસ સાથે જરૂરી કાર્યવાહી કરવા કલેક્ટરની કડક સૂચના





નવસારી : નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ આજે વહેલી સવારે નવસારી તાલુકાના બુટલાવ ગ્રામ પંચાયતની આકસ્મિક મુલાકાત લઈ ગ્રામ્ય વિસ્તારની વાસ્તવિક પરિસ્થિતિનો સીધો તાગ મેળવ્યો હતો. કલેક્ટરએ ગ્રામ પંચાયત ખાતે તલાટી કમ મંત્રીશ્રી તથા સરપંચ સાથે મુલાકાત કરી ગામમાં ચાલી રહેલી વિવિધ કામગીરી, સ્થાનિક પ્રશ્નો તથા નાગરિકોને મળી રહેલી સરકારી સેવાઓ અંગે માહિતી મેળવી હતી.

આ મુલાકાત દરમિયાન કલેક્ટરએ ગામના આગેવાનો સાથે સીધો સંવાદ કરી તેમની રજૂઆતો અને પ્રશ્નો સાંભળ્યા હતા. રજૂ કરવામાં આવેલા પ્રશ્નોને ગંભીરતાપૂર્વક સાંભળી કલેક્ટરએ સંબંધિત સ્થળોની મુલાકાત લઈ પરિસ્થિતિનું જાત નિરીક્ષણ કર્યું હતું.

કલેક્ટર મનીષ ગુરવાની સમક્ષ રજૂ થયેલા ભૂમિ સીમાંકન લગત પ્રશ્નોના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે કલેક્ટરએ ઉપસ્થિત સંબંધિત અધિકારીઓને જરૂરી સ્થળ તપાસ કરી નિયમોનુસાર સમયબદ્ધ રીતે પ્રશ્નોનો નિકાલ કરવા તેમજ કામગીરીની નિયમિત દેખરેખ રાખવા કડક સૂચનાઓ આપી હતી.

કલેક્ટર મનીષ ગુરવાનીના આ આકસ્મિક મુલાકાતથી ગ્રામજનોમાં પણ પ્રશાસન પ્રત્યે વિશ્વાસની લાગણી વધુ મજબૂત બની હતી. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારના નાગરિકોની સમસ્યાઓને સ્થળ પર જઈ સમજી તેનો ત્વરિત ઉકેલ લાવવાની દિશામાં સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

કલેક્ટર મનીષ ગુર વાનીના ગ્રામ્ય મુલાકાત દરમિયાન સરપંચ ગીતાબેન ગણેશભાઈ હળપતિ, ઉપસરપંચ ધર્મેશભાઈ ખંડુભાઈ પટેલ , ઈ.ચા. તલાટી જીતુભાઈ ડી રાઠોડ, તાલુકા નાયબ મામલતદાર ગીતાબેન મકાવાના , ઈ.ચા સર્કલ ઓફિસર જીજ્ઞેશ એ પટેલ હાજર રહ્યા હતા.

# નવસારી જિલ્લામાં પૂર્ણા નદી બ્રિજ પર ભારે કોમર્શીયલ વાહનોની અવર-જવર પર પ્રતિબંધ, વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવા અનુરોધ

નવસારી : નાગરિકોની સુરક્ષા અને સલામતીને પ્રાથમિકતા આપતા નવસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.એન.લિખીયાએ એક જાહેરનામા દ્વારા નવસારી જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપાર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલા પૂર્ણા નદી બ્રિજ ઉપર ભારે કોમર્શીયલ વાહનોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવી ડાયવર્ઝન આપતો હુકમ કર્યો છે.

વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સ્ટેટ હાઈવે-૬ સુરત તથા સચિન તરફથી નવસારી તરફ આવતા ભારે વાહનો (પુર્ણા નદી બ્રિજ નદી ઉત્તર છેડેથી વિરાવળ ગામ તરફના દક્ષિણ છેડા સુધીનો માર્ગ) કસ્બાપાર ત્રણ રસ્તા - આમરી - ધોળાપીપળા - નેશનલ હાઈવે નં. ૪૮ થઈ નવસારી શહેરમાં પ્રવેશ કરી શકશે. અથવા સ્ટેટ હાઈવે ૧૯૫ મરોલી-વેસ્મા રોડ - નેશનલ હાઈવે નં. ૪૮ ગ્રીડ થઈ નવસારી શહેરમાં પ્રવેશ કરી શકશે.

નવસારીથી સુરત તથા સચિન સ્ટેટ હાઈવે-૬ તરફ જતાં ભારે વાહનો માટે (પુર્ણા નદી બ્રિજ વિરાવળ ગામ તરફના દક્ષિણ છેડાથી પુર્ણા નદીના ઉત્તર છેડા સુધીનો માર્ગ) સુરત, સચિન તરફ જવા માટે સ્વામી વિવેકાનંદ સર્કલથી ગ્રીડ-નેશનલ હાઈવે નં. ૪૮-વેસ્માથી મરોલી રોડનો ઉપયોગ કરી શકાશે. અથવા વિવેકાનંદ સર્કલથી ગ્રીડ-નેશનલ હાઈવે નં. ૪૮-ધોળાપીપળાથી આમરી-કસ્બાપાર ત્રણ રસ્તા થઈ સુરત તરફ જઈ શકાશે. આ જાહેરનામું તથા ડાયવર્ઝનનો હુકમ આગામી ૧લી ઓગષ્ટથી આગામી ૩૦મી ઓક્ટોબર સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# નવસારી જિલ્લામાં મૂર્તિ વિસર્જન અને બનાવટ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરવામાં આવ્યા

નવસારી નવસારી જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતા ધાર્મિક તહેવારો દરમિયાન જુદા-જુદા દેવી-દેવતાઓની મૂર્તિઓની સ્થાપના અને વિસર્જન કરવામાં આવે છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ ધાર્મિક પ્રસંગોએ દેવી-દેવતાઓની મૂર્તિઓને દરિયા, નદી, તળાવના પાણીમાં તથા પર્યાવરણની સુરક્ષા અર્થે નવસારી જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.એન. લિખિયાએ એક જાહેરનામા દ્વારા સમગ્ર નવસારી જિલ્લામાં અમુક કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામા અનુસાર પી.ઓ.પી.ની મૂર્તિઓનું કુદરતી નદીઓ, તળાવમાં વિસર્જન કરવા પર તથા તેના કિનારા પર પૂજન વિધિ કરવા પર પ્રતિબંધ રહેશે. મૂર્તિઓની બનાવટમાં અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિહ્નો કે નિશાનીઓ રાખવા નહી. મૂર્તિઓની બનાવટમાં ઝેરી સિન્થેટિક, રસાયણ/કેમિકલ ડાયયુક્ત કલરના ઉપયોગ કરવો નહી. મૂર્તિની ઊંચાઈ ૧૨ ફૂટથી વધારે રાખવી નહી. મૂર્તિ બનાવટના સ્થળની આસપાસ ગંદકી કરવી નહી. મૂર્તિકારો દ્વારા ખંડિત થયેલ મૂર્તિઓ તેમજ વેચાણ ન થયેલ મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જિલ્લા બહારથી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો/વેપારીઓને પણ આ નિમયો લાગુ પડશે. મૂર્તિ વિસર્જન થયા બાદ તમામ પંડાલ-મંડપ બે દિવસ કરતા વધુ દિવસ સુધી રાખવા નહી. આ જાહેરનામું ૩૦મી ઓગષ્ટથી આગામી ૨૮મી ઓક્ટોબર સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ચીખલી ખાતે રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન અંતર્ગત બે દિવસીય પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો




નવસારી : રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન અંતર્ગત ઈચ્છુક અને પ્રાકૃતિક ખેતી અપનાવવા ઉત્સુક ખેડૂતો માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા તા. ૨૦-૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ચીખલી ખાતે બે દિવસીય પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષશ્રી તથા નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. હેમંત શર્માશ્રીની ઉપસ્થિતિ અને માર્ગદર્શનથી કાર્યક્રમને વિશેષ પ્રેરણા મળી હતી. કાર્યક્રમના પ્રારંભે ડૉ. સુમિત આર. સાલુંખે, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃ.વિ.કે., નવસારીએ સ્વાગત પ્રવચન આપી પ્રાકૃતિક ખેતીના મહત્વ, જમીનનું સ્વાસ્થ્ય જાળવવા, ખેતી ખર્ચ ઘટાડવા તથા કુદરતી સંસાધનોના સંરક્ષણ અંગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ દરમિયાન ડૉ. દિક્ષિતા પ્રજાપતિ, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો અને પદ્ધતિઓ અંગે તથા પ્રો. કે. વી. મકવાણા, વૈજ્ઞાનિક દ્વારા પ્રાકૃતિક ખેતીમાં જીવાત અને રોગ વ્યવસ્થાપન અંગે તકનીકી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શ્રી જયંતભાઈ વસાવા અને શ્રી એસ. ડી. વસાવા, શાબાશ દ્વારા પ્રાકૃતિક ખેતીના પ્રમાણપત્ર અંગે ખેડૂતોને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ખેડૂતો સાથે સંવાદાત્મક સત્ર યોજાયું હતું, જેમાં ખેડૂતોએ પોતાના ખેતરલક્ષી પ્રશ્નોની ચર્ચા કરી નિષ્ણાતો પાસેથી જરૂરી તકનીકી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમના અંતે સ્વસ્થ જમીન, સ્વસ્થ પાક અને સ્વસ્થ ખેડૂત ના ધ્યેય સાથે ટકાઉ અને પર્યાવરણમિત્ર પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# નવસારી પોસ્ટ ખાતાની ડાક અદાલત તા. ૭ સપ્ટેમ્બરે યોજાશે

નવસારી : સિનીયર સુપ્રીટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, નવસારી ડીવીઝન દ્વારા પોસ્ટ ખાતાની ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાક અદાલત તા. ૦૭/૦૯/૨૦૨૬ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે યોજાશે.

આ ડાક અદાલતમાં ટપાલ ખાતાના નીતિ-વિષયક મુદ્દાઓ સિવાયની તથા ટપાલ સેવામાં એક જ વિષયને સ્પર્શતી ફરિયાદો રજૂ કરી શકાશે. નાગરિકોએ પોતાની ફરિયાદ લેખિતમાં 'ઓફિસ ઓફ સિનીયર સુપ્રીટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, નવસારી ડીવીઝન, નવસારી-૩૯૬૪૪૫'ના સરનામે મોકલવાની રહેશે.

ફરિયાદો ઉપરોક્ત કચેરીને તા. ૦૨/૦૯/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. તા. ૦૨/૦૯/૨૦૨૬ બાદ મળનાર ફરિયાદો ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં.નાગરિકોને પોતાની ટપાલ સેવા સંબંધિત યોગ્ય ફરિયાદો નિયત સમયમર્યાદામાં મોકલી ડાક અદાલતનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# મરોલી-ઉભરાટ રોડ પર મોપેડ પર વિદેશી દારૂનો જથ્થો લઇ જતી યુવતીનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઇરલ

## પોલીસે માતા અને પુત્રીને ઝડપી પાડી ૧૪ હજારનો વિદેશી દારૂ કબ્જે કર્યો, એક મહિલા વોન્ટેડ

નવસારી : મરોલી-ઉભરાટ રોડ પર મોપેડ પર વિદેશી દારૂનો જથ્થો લઈ જતી યુવતીનો વિડીયો સ્થાનિકોએ સોશ્યલ મીડિયામાં વાઈરલ કર્યો હતો. જે વીડિયોને પગલે મરોલી પોલીસે મોપેડ નંબર પ્લેટના આધારે બોરસી-માછીવાડ ગામે મોપેડ માલિકના ઘરે છાપો મારતા ૧૪ હજારના વિદેશી દારૂ સહીત માતા-પુત્રીને ઝડપી પાડી હતી. જયારે અન્ય એક મહિલાને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.





મળતી માહિતી મુજબ, મરોલી-ઉભરાટ રોડ પર એક યુવતી મોઢા ઉપર ઓઢણી બાંધી તેની મોપેડ (નં. જીજે-૨૧-ડીઈ-૫૯૫૨) ના આગળના ભાગે વિદેશી દારૂનો જથ્થો લઇ જઈ રહી હતી. જે બાબતે ગામના કેટલાક સ્થાનિકોને શંકા જતા તેઓએ યુવતીને રોકી મોપેડના આગળ મુકેલી થેલી ફાડી જોતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જે બાબતે સ્થાનિકોએ વિદેશી દારૂ સાથેનો યુવતીનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ કરતા પોલીસ દોડતી થઇ હતી. ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડ બાદ નવસારીમાં દારૂનો જથ્થો લઈ જતી યુવતીનો વિડીયો વાઈરલ થતા ચકચાર મચી જવા પામી હતી.

બીજી તરફ વાઈરલ થયેલા વીડિયોમાં દેખાતી યુવતીની મોપેડની નંબર પ્લેટના આધારે તપાસ શરુ કરી હતી. જે તપાસ દરમિયાન મોપેડ જલાલપોર તાલુકાના બોરસી-માછીવાડ ગામે બસ સ્ટોપ ફળીયામાં રહેતી બેલાબેન હિતેશભાઈ ટંડેલની હોવાનું જણાયું હતું. જેથી પોલીસે તેમના ઘરે જઈ છાપો મારી બેલાબેન ટંડેલ અને માતા રેખાબેન હિતેશભાઈ ટંડેલને ઝડપી પાડી હતી. સાથે જ પોલીસે વિડીયોમાં દેખાતી મોપેડના આગળના ભાગેથી ૧૪,૪૦૦ રૂપિયાની દારૂની ૯૬ બોટલો મળી આવતા પોલીસે ૫૦ હજાર રૂપિયાની મોપેડ સહીત કુલ ૬૪,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે પોલીસે દિપલા ગામે રહેતી રેણુકાબેનને વોન્ટેડ જાહેર કરી હતી.

# બીલીમોરામાં નાની દેવસર રોડ પર ૪ યુવાનોએ એકને માર માર્યો

નવસારી : બીલીમોરામાં નાની દેવસર રોડ પર ૪ યુવાનોએ એકને માર મારતા મામલો બીલીમોરા પોલીસ મથકે પહોચ્યો છે.

મળતી માહિતી મુજબ, બીલીમોરાના દેવસર ગુરુનાનક નગર શીખ કેમ્પમાં સમશેરસિંગ ઉર્ફે શેરા મગનસિંગ સરદાર તેમના પરિવાર સાથે રહે છે અને શાકભાજી વેચવાનો છૂટક ધંધો કરે છે. ગત ૨૮મીએ સમશેરસિંગ ઉપર તેના કાકાનો દીકરો મનોહરસિંગ કિશનસિંગ સરદારનો ફોન આવતા તેણે જણાવ્યું હતું કે, મારો દેવસર તળાવ ખાતે જોગીંદરસિંગ અર્જુનસિંગ સરદાર અને રાજુસિંગ હરનામસિંગ સરદાર સાથે ઝઘડો થયો છે. જેથી સમશેરસિંગ ત્યાં જઈ તેઓને છોડાવી રહ્યો હતો. દરમિયાન રાજુસિંગે ઉશ્કેરાઈ જઈ સમશેરસિંગને અપશબ્દો બોલી ધક્કા-મુક્કી કરવા લાગ્યો હતો. ત્યારે જોગીંદરસિંગે પાછળથી તેના હાથમાં પહેરેલું લોખંડનું કડું સમશેરસિંગને માથામાં મારી દેતા તેમને લોહી નીકળવા લાગ્યું હતું. તેમજ બહાદુરસિંગ ચરણસિંગ સરદારે આવી સમશેરસિંગને અપશબ્દો બોલી માર મારવા લાગ્યા હતા. સાથે જ શનીસિંગ હરનામસિંગ સરદારે પણ ત્યાં આવી સમશેરસિંગને અપશબ્દો બોલી માર મારવા લાગ્યા હતા. જોકે અન્ય લોકોએ વચ્ચે પડી તેઓને છોડાવ્યા હતા. પરંતુ જતા-જતા તેઓ સમશેરસિંગને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે સમશેરસિંગે બીલીમોરા પોલીસ મથકે જોગીંદરસિંગ અર્જુનસિંગ સરદાર, રાજુસિંગ હરનામસિંગ સરદાર, બહાદુરસિંગ ચરણસિંગ સરદાર અને શનીસિંગ હરનામસિંગ સરદાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ એ.એસ.આઈ. રીંકલબેનને સોંપી છે.

# આહવામાં રસ્તા પર રખડતા ઢોરોના અડિંગાથી વાહનચાલકોને અકસ્માતનું જોખમ





ડાંગ : ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે જાહેર રસ્તાઓ પર રખડતા પશુઓનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગો, ચોક અને જાહેર રસ્તાઓ પર ઢોરો અડિંગો જમાવીને બેસી રહેતા હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આહવામાં ઘણી સરકારીઓ કચેરી છે. તેમજ આજુબાજુના વિસ્તારોમાં હરવા-ફરવા અને જોવા લાયક સ્થળો આવ્યા છે. તેમજ મહારાષ્ટ્રના કેટલાક ગામો તરફ જવા માટે વાહન ચાલકો આહવા થઈ પસાર થઈ રહ્યા છે. આહવાના મુખ્ય રસ્તાઓ ઉપર ઢોરો ફરી રહ્યા છે. જોકે રસ્તાની વચ્ચોવચ અડિંગો જમાવી બેસતા રખડતા ઢોરોથી સ્થાનિકો અવગત જ છે. પરંતુ અન્ય જિલ્લાઓ કે રાજ્યમાંથી આવતા વાહન ચાલકો આ બાબતથી અવગત નથી. જેથી આહવામાં રસ્તાની વચ્ચે અડિંગો જમાવી બેસતા રખડતા ઢોરોને કારણે વાહન ચાલકોને અકસ્માતનું જોખમ રહ્યું છે. બીજી તરફ રખડતા ઢોરો ઝઘડતા હોય ત્યારે તેઓ ઉભેલા વાહનોમાં અથડાતા વાહનોને નુકશાન થાય તેમ છે. ત્યારે રસ્તા પર રખડતા પશુઓને પકડીને તાત્કાલિક પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

# અટગામ-ચીખલી રોડ પર મલીયાધરા ગામ પાસેથી ૧૦.૨૦ લાખના વિદેશી દારૂ ભરેલી ફોર્ચ્યુનર કાર સાથે ૨ ઝડપાયા, ૬ વોન્ટેડ

નવસારી : અટગામ-ચીખલી રોડ પર મલીયાધરા ગામ પાસેથી સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસે બાતમીના આધારે ૧૦.૨૦ લાખના વિદેશી દારૂ ભરેલી ફોર્ચ્યુનર કાર સાથે બેને ઝડપી પાડયા હતા. જયારે અન્ય ૬ને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ, ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસને બાતમી મળી હતી કે, નવસારીમાં રહેતો નસીમુદ્દીન ઉર્ફે આઝાદે દમણથી તેના માણસો મારફતે ગ્રે રંગની ફોર્ચ્યુનર કાર (નં. જીજે-૦૫-ટીસી-૦૧૭૦) માં વિદેશી દારૂનો જથ્થો ભરાવી પોતે બીજી સ્કોર્પિયો કારમાં તેના ડ્રાઈવર સાથે પાયલોટીંગ કરી વાપી-બલીઠા હાઈવે રોડ પરથી વલસાડના અંદરના રસ્તાથી અટગામ-ચીખલી રોડ પરથી સુરત ખાતે જનાર છે. જે બાતમીના આધારે પોલીસે મલીયાધરા ગામ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી કાર આવતા પોલીસે તેને રોકી તપાસ કરી હતી. જેમાંથી પોલીસને ૧૦,૨૦,૯૬૦ રૂપિયાની વિદેશી દારૂની ૪૪૮૪ નંગ બાટલીઓ મળી આવતા વલસાડના વાપી તાલુકાના બલીઠા ગામે ટાંકી ફળીયામાં માધવ બિલ્ડીંગમાં રહેતા જીતુ ઉર્ફે યતિન કિશોરભાઈ રાઠોડ, અને વલસાડના પારડી તાલુકાના સરોધી ગામે માહ્યાવંશી ફળીયામાં રહેતા મીત ઉર્ફે મીતલો નટવરભાઈ માહ્યાવંશીને ઝડપી પાડયો હતો. જયારે પોલીસે દમણથી વિદેશી દારૂ ભરવી સ્કોર્પિયોમાં પાયલોટીંગ કરનાર અને નવસારી લક્ષ્મી ટોકીઝ પાછળ ઠક્કરબાપા વાસમાં રહેતા નસીમુદ્દીન ઉર્ફે આઝાદ લંગડો નીઝામુદ્દીન હાફેઝ, સુરત રહેતો વિવેક, દારૂ ભરવા કાર આપનાર દમણમાં રહેતો શાહબાજ અને પગલો, સુરત ઉધના ખાતે રહેતો વિદેશી દારૂ મંગાવનાર અને કારના માલિકને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી વિદેશી દારૂ સહીત ૨૦ હજાર રૂપિયાનો મોબાઈલ અને ૨૦ લાખ રૂપીયાની કાર મળી કુલ્લે ૩૦,૪૦,૯૬૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ પી.આઈ. વી.જી. ભરવાડે હાથ ધરી છે.

### વલસાડના દરિયાકાંઠાના વિસ્તારોમાં વધતા દરિયાઇ ધોવાણ સામે ગામજનોમાં રોષ

# વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખને મળી રક્ષણાત્મક પ્રોટેક્શન વોલ બનાવવાની ઉગ્ર રજૂઆત કરી

વલસાડ : વલસાડ જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં સતત વધી રહેલા દરિયાઈ ધોવાણને પગલે સ્થાનિક ગામજનોમાં ભારે ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. જેથી દરિયાકાંઠાના ગામજનોએ વલસાડ ભાજપ કાર્યાલય જઈ જિલ્લા ભાજપને મળી રક્ષણાત્મક પ્રોટેક્શન વોલ બનાવવાની ઉગ્ર રજૂઆત કરી છે.



વલસાડ જિલ્લાના દાંડી, કાકવાડી, ભાગલ અને નાની ભાગલ, દાંતી માલવણ સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં દર વર્ષે દરિયાઈ મોજાના કારણે મોટા પાયે જમીનનું ધોવાણ થઈ રહ્યું છે. સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનોના જણાવ્યા મુજબ, છેલ્લા ૧૫ વર્ષોમાં ૪૦૦ એકરથી વધુ જમીન દરિયામાં ગરકાવ થઈ ચૂકી છે. અગાઉ ૨૬.૭૫ કરોડ રૂપિયાથી વધુનો પ્રોજેક્ટ મંજૂર થયો હોવા છતાં ગ્રાન્ટ અન્યત્ર વાપરી નાખવામાં આવી હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે. ?દરિયાની સપાટી જમીન કરતા ઊંચી હોવાથી જો પ્રોટેક્શન વોલ નહીં બને તો આગામી દિવસોમાં ધરાસણા, છરવાડા, માલવણ અને ડુંગરી સુધીના વિસ્તારોમાં દરિયાનું પાણી ફરી વળવાની અને સેંકડો પરિવારો બેઘર થવાની ગંભીર ભીતિ સેવાઈ રહી છે.

વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારના જે ગામો છે એ ગામોની અંદર દરિયાઈ પ્રોટેકશન વોલના અભાવના કારણે વર્ષોથી ધોવાણ થઈ રહ્યું હોવાથી કેટલાક લોકો સ્થળાંતર કરી ગયા છે. સ્થાનિક માછીમારો અને ગામના લોકોએ વારંવાર રજૂઆત કરવા છતાં તેઓના ગામમાં કોઈપણ પ્રકારની સમસ્યાનો ઉકેલ ન આવતા આજે દરિયાકાંઠાના ગામજનોએ મોટી સંખ્યામાં ભેગા થઈ ગ્રામજનોએ વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારાને આવેદન પાઠવી પ્રોટેક્શન વોલનું કામ તાત્કાલિક શરૂ કરવાની માંગ કરી હતી.

# ડાંગના માદલબારી નજીક કાર અડફેટે બાઇક ચાલકનું મોત

ડાંગ : ડાંગના માદલબારી નજીક કાર અડફેટે બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજયાનો બનાવ આહવા પોલીસ મથકે નોંધાઈ છે.



મળતી માહિતી મુજબ, ચિંચલી ઉપલું ફળીયામાં રહેતા હરેશભાઈ સીતારામભાઈ બાગુલ (ઉં.વ.આ. ૪૮) આહવા ખાતેની નિલમ ગેસ એજન્સીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. ગત ૨૭મી ઓગસ્ટના રોજ હરેશભાઇ તેમની બાઈક (નં. જીજે-૩૦-એફ-૧૩૪૧) લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે માદલબારી ગામ પાસેથી પસાર થતી વેળા સામેથી આવતી અજાણ્યા કારના ચાલકે હરેશભાઈની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. જેના પગલે હરેશભાઇ બાઈક પરથી રસ્તા પર પટકાયા હતા. બીજી તરફ અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પરંતુ સ્થાનિકો હરેશભાઈને હોસ્પિટલ લઈ જાય તે પૂર્વે જ ગંભીર ઈજાઓના કારણે હરેશભાઈનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. આ અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો કાર ચાલક કાર લઈ ઘટના સ્થળેથી નાસી છૂટ્યો હતો. આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ સંજયભાઈએ આહવા પોલીસ મથકે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. તનાનંદ જયંતીલાલ નિરંજને હાથ ધરી છે.

# નવસારીમાં મીથીલા નગરી તળાવ પાસેથી તીનપત્તીનો જુગાર રમતા ૪ ઝડપાયા

નવસારી : નવસારી ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે મીથીલા નગરી તળાવ પાસેથી તીનપત્તીનો જુગાર રમતા ૪ને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, નવસારી ગ્રામ્ય પોલીસને બાતમી મળી હતી કે, વિરાવળ ગામ મીથીલાનગરી તળાવની પાળ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો તીનપત્તીનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ છાપો મારી જુગાર રમતા ૪ આરોપીઓને ઝડપી પાડયા હતા. જેમાં મીથીલાનગરી ગોહિલ સ્કુલ પાસે રહેતા નિરંજન રામનાથ સાહની, રાકેશભાઈ શિવ-સાદ નિષાદ, વિરાવળ ગોકુળધામ રેસીડન્સીમાં રહેતા નેમ રામકિશન નિષાદ અને મીથીલાનગરી શિવશક્તિ કિરાણાની દુકાન પાસે અનીલ ગુલાબચંદ્ર સોનકરને ઝડપી પાડયા હતા. સાથે જ પોલીસે ઘટના સ્થળેથી રોકડા ૨૦,૪૫૦ રૂપિયા અને ૨૦ હજાર રૂપિયાના ૪ મોબાઈલ મળી કુલ્લે ૪૦,૪૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# કાલીયાવાડી ખાતે આધેડે ગળે ફાંસો ખાઇ આપઘાત કર્યો

નવસારી : કાલીયાવાડી ખાતે આધેડે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યાનો બનાવ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, નવસારી તાલુકાના કાલીયાવાડી જકાતનાકાની પાછળ પ્રકાશભાઈ નાનુભાઈ હળપતિ (ઉ.વ. ૪૮) રહેતા હતા. છેલ્લા ઘણા વર્ષોથી પ્રકાશભાઈ એકલવાયું જીવન ગુજારતા હતા. તેમજ તેમને દારૂ પીવાની ટેવ હતી, વાયુની બીમારીથી પીડાતા હતા અને ચાલવામાં અશક્ત હતા. જેથી કંટાળીને પ્રકાશભાઈએ ગત ૨૮મીએ તેમના ઘરમાં લોખંડના દરવાજા ઉપર નાયલોનની દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બાબતે સ્થાનિકોએ નવસારી ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી હતી. જયારે પોલીસે શૈલેશભાઈ રાઠોડની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એમ.એલ. સૈયદે હાથ ધરી છે.

# ઉભરાટ દરિયામાં ન્હાવા પડેલા સુરતના યુવાનનું ડૂબી જતા મોત

નવસારી : ઉભરાટ દરિયામાં ન્હાવા પડેલા સુરતના યુવાનનું ડૂબી જતા મોત નીપજ્યાનો બનાવ મરોલી પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, મૂળ યુ.પી. ના જોનપુર જીલ્લાના મછલીશહર તાલુકાના બનગાવ ખાતે અને હાલ સુરતના કતારગામ નવી જી.આઈ.ડી.સી. ખાતે અજીતભાઈ હરીશ્યામભાઈ સરોજ (ઉ.વ. ૩૩) રહેતા હતા. ગત ૨૮મીએ અજીતભાઈ તેમના મિત્રો સાથે જલાલપોર તાલુકાના ઉભરાટ દરિયા કિનારે ફરવા માટે આવ્યા હતા. દરમિયાન અજીતભાઈ દરિયાના પાણીમાં ન્હાવા પડયા હતા. તે સમયે દરિયામાં મોટું મોજું આવતા અજીતભાઈ દરિયાના ઊંડા પાણીમાં જતા રહેતા ડૂબવા લાગ્યા હતા. જેથી અજીતભાઈએ બચાવ-બચાવની બુમો પાડતા તેના મિત્રોએ બચાવવાના પ્રયત્નો કર્યા હતા. પરંતુ અજીતભાઈ દરિયાના પાણીમાં ડૂબી જતા તેના મિત્રો ગભરાઈ જઈ મરોલી પોલીસ મથકે જાણ કરી હતી. જેથી પોલીસે તરવૈયાઓની મદદથી અજીતભાઈને શોધવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. દરમિયાન દાંતી ગામના દરિયા કિનારેથી અજીતભાઈની લાશ મળી આવી હતી. અજીતભાઈની લાશ જોઈ તેના મિત્રોના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. અને ઘટના બાબતે અજીતભાઈના પરિવારજનોને જાણ કરી હતી. મરોલી પોલીસે અજીતભાઈની લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી હતી. તેમજ મૃતકના ભાઈ સુજીતભાઈની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહને સોંપી છે.

OWNER , PRINTER, PUBLISHER, & EDITOR :- ROHIT ASHOK SETHIA, PRINTED AT :- AAYUSH ENTERPISE, D-26, UDHYOG NAGAR,VIJALPORE, NAVSARI, GUJARAT- 396445., PUBLISHED PLACE :- 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT -396445. , EDITOR : ROHIT ASHOK SETHIA, Mo. :-+91-7600000600